**CC NO.** 172823_2025

GJVD021868362025

**<u>વડોદરા ના મહે.૨૪માં એડી.સિનિ.સિવિલ જજ અને એડી.ચીફ જ્યુડી. મેજી.,સાહેબશ્રીની અદાલતમાં,</u>**

**<u>મુ.વડોદરા.</u>**

**<u>આંક:૦૭</u>**

ફરીયાદી– શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી– વિશાલ કનુભાઇ રાવલ, રહે. વડોદરા.

**તહોમત– <u>ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબ.</u>**

**<u>– ચુકાદો –</u>**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપીએ મારક હથિયાર લોખંડના ખંજર રાખી મે.પો.કમિ.સા.શ્રી.ના જી/સીપી/વિશા/હથીયારબંધી જાહેરનામા/૩૯૩૭/૨૦૨૫ તા.૨૪.૦૭.૨૦૨૫ ના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, **ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫** અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ, બી.એન.એસ.એસ. કલમ–૧૭૩ અન્વયે દાખલ કરેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપીએ હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે તેમજ આ તેઓનો પ્રથમ ગુનો છે અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સાથે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

**૩.** આજ રોજ નેશનલ લોકઅદાલત છે, જેમાં ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સદર કામે આરોપી વિરુદ્ધ ગુન્હાનો આક્ષેપ અને આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લેતાં તથા આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની હકીકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ રેકર્ડ વંચાણે લેતાં તથા **ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫** માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, તેઓનો કોઈ ઈરાદો ગુનો કરવાનો હતો નહીં અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને ગુનાનો પસ્તાવો જણાય આવે છે. આમ, આ સંજોગોમાં આરોપીની રજુઆત ધ્યાને લેતાં, હું આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીને ઉપરોક્ત ગુન્હામાં તકસીરવાન ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>– આખરી હુકમ –</u>**

**<u>અ.</u>** આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ૨૨૯ અન્વયે **ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫** ના ગુનામાં, કબુલાત આધારે તકસીરવાન ઠરાવી રૂ.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમયબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪.૦૩.૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

**(ડી.એમ.સિંઘલ)**

તા.૧૪.૦૩.૨૦૨૬ **જજ કોડ નં.જીજે.૦૧૩૦૩**

વડોદરા. ૨૪ માં એડી.સિનિયર સિવિલ જજ અને

એડી.ચીફ જ્યુડી.મેજી., વડોદરા.

(લોપામુદ્રા શર્મા)/સ્ટેનોગ્રાફર.